મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૧૯.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૩૩

ગાંધીનગર તાપમાન

આઈ લવ માય ગાંધીનગર

શૈલેષભાઈ પી પટેલ
અંબિકા ઍન્જિનીયરિંગ
જીઆઈડીસી, સૅક્ટર-૨૮

ગાંધીનગર ગમે

કુદરતના ખોળાનો આનંદ અહીં મળે છે. હરિયાળી સાથે શાંતિ અને રમણીયતા પણ આ શહેરમાં છે અને વળી મારી જન્મભૂમિ પણ છે તેથી ગાંધીનગર વિશેષ ગમે છે.

નગરજનો

અહીં વસવાટ કરતાં નાગરિકો પોતાની જિંદગીમાં ગળાડૂબ છે ને સાથે-સાથે સાંસ્કૃતિક વારસો સાચવી રહ્યા છે તથા આધ્યાત્મિક જીવન પણ જીવી લઈ જીવનનો આનંદ પ્રાપ્ત કરી રહ્યા છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

ગાંધીનગર અક્ષરધામ દ્વારા અનેક જીવોનાં જીવન પરિવર્તન થયાં છે. વ્યસનમુક્તિ, જીવન જીવવાની પ્રેરણા, સામાજિકતા અને ધાર્મિકતા, ઘર એક મંદિર જેવી અનેક પ્રવૃત્તિઓ અક્ષરધામ કરાવે છે.

આ જ અક્ષરધામે ગાંધીનગરને દેશ-દુનિયામાં નવી ઓળખ આપી છે. તેની સેવાકીય પ્રવૃત્તિ પ્રત્યે ન માત્ર મને પરંતુ શહેરના નાગરિકોને અને આખા વિશ્વને માન છે.

નગરને બહેતર બનાવવા

જેવી રીતે સરકાર દ્વારા શહેરની જાળવણી તેમજ સલામતી રખાય છે તેવી રીતે સૅક્ટર-૨૮ જીઆઈડીસીને પણ અગ્રીમતા મળે તથા આ સ્થળ ધંધાકીય રીતે સુવિધાયુક્ત બની ઉદ્યોગ જગતને વેગવંતું બનાવે તે જરૂરી છે. તેનાથી નગરના વિકાસને પણ નવી ઓળખ મળશે એવી મને ખાતરી છે.

નગર માટે હું કરી શકું

આસપાસ વસતાં લોકોને પ્રેમપૂર્વક તથા સાચા અર્થમાં મદદરૂપ થઈ સારા નાગરિકની ફરજ પૂર્ણ કરવા હું તત્પર છું.

જાહેર પરિવહનનો બજેટમાં છેદ ઉડ્યો

શહેરીજનોને સુવિધા પૂરી પાડવામાં જનપ્રતિનિધિઓ ઉણા ઉતર્યા : સ્માર્ટ સિટી તરફ શહેરના પ્રયાણમાં ઉપયોગી એવા જાહેર પરિવહનને અવગણવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર મહાનગર પાલિકાની મળેલી સાધારણ સભામાં શહેરના વિકાસ માટે કરવાના કામો અંગેની ચર્ચા-વિચારણા અને નાણાંની જોગવાઈઓ અંગેની દરખાસ્તો રજુ કરવામાં આવી હતી. પરંતુ શહેરીજનોને છેલ્લા ઘણા વર્ષોથી પડી રહેલ મુશ્કેલી જેવી કે જાહેર પરિવહનનો કોઈ જ મુદ્દો ઉપસ્થિત ન થતાં શહેરીજનોમાં રોષ ફેલાયો છે. જો કે સત્તાપક્ષ કે વિપક્ષના એક પણ જન પ્રતિનિધિએ આ અંગે રસ ન દાખવ્યો હોય તેવું ચિત્ર ઉપસી આવ્યુ છે. જેમાં કારમાં ફરતાં કોર્પોરેટરોને સામાન્ય પ્રજાજનોની અગવડો પ્રત્યે સહેજ પણ ચિંતા ન હોય તેમ નગરમાં સીટી બસની વ્યવસ્થાનો કોઈ જ મુદ્દો સાધારણ સભામાં લાવવામાં જ આવ્યો ન હતો. ગાંધીનગર શહેરમાં થઈ ચિલોડા, ચાંદખેડા, પેથાપુર અને વાસણીયા મહાદેવ સુધી જતી આવતી વિટકોસ બસને હવે ચલાવવાની સંચાલકે નન્નો ભણી દીધો હતો. જેમાં અન્ય વ્યવસ્થા ન થાય ત્યાં સુધી બસ ચલાવવા તંત્રએ સંચાલકને મનાવી લઈ શહેરમાં જાહેર પરિવહન અંગે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી હતી. આ ટેન્ડર પ્રક્રિયામાં પણ ખાસ કંઈ ઉકાળી ન શકનાર તંત્રએ આ મુદ્દો શહેરને સ્પર્શતો હોવા છતાં મનપાની સાધારણ સભામાં રજુ ન કરી પોતાની અણઆવડતને છુપાવતા હોય તેવું ચિત્ર શહેરીજનો સમક્ષ ઉપસી આવ્યુ છે. સ્માર્ટસીટીના અભરખાં ધરાવતાં મનપાનું વહીવટીતંત્ર હાલ ધુમાડો ઓકતી અને ખખડધજ થઈ ગયેલ વિટકોસને ચલાવવા મજબૂત બન્યુ હોય તેવુ લાગી રહ્યું છે. તાજેતરમાં ગાંધીનગર મહાનગરપાલિકાની બજેટલક્ષી સાધારણ સભા યોજાઈ ગઈ. આ સભામાં શહેરને લગતા વિવિધકામોઅંગેભંડોળની જોગવાઈ કરવાની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી. પરંતુ શહેરની મુખ્ય જરૂરિયાત અને ટ્રાફિકને નાથવા માટેની જાહેર પરિવહન વ્યવસ્થા અંગે કોઈ જ પ્રકારની ચર્ચા કે ભંડોળની ફાળવણી કરવામાં ન આવતાં શહેરીજનો અકળાઈ ઉઠ્યા છે. સેક્ટરમાંથી અન્ય સેક્ટર જવા કે સરકારી કચેરીએ જવા આવવા શહેરમાં કોઈ જ જાહેર વ્યવસ્થા ઉપલબ્ધ નથી જે વહીવટી તંત્ર સારી રીતે વાકેફ છે છતાં આ વ્યવસ્થા શરૂ કરવામાં જનપ્રતિનિધિઓ કે સરકારી અધિકારીઓને રસ જ ન હોય તેવું લાગી રહ્યું છે અને શહેરીજનોને ભગવાન ભરોસે મુસાફરી કરવા મજબૂર કર્યા હોય તેવી ચર્ચાઓએ શહેરમાં ચકચાર જગાવી દીધી છે.

સે. ૩ના ગેરકાયદે શાકમાર્કેટ પર દબાણ શાખાનો સપાટો

રસ્તા વચ્ચે અડચણરૂપ ૫૦થી વધુ લારી-ગલ્લાઓ હટાવાયાં સાંજે ફરી દબાણ જામી જતાં ત્રાજવા-બાટ જપ્ત કરી લેવાયાં

ગાંધીનગર, તા. ૧૬

શહેરના ફૂટપાથ અને માર્ગો પર અડચણરૂપ ઉભા થઈ ગયેલા દબાણો પર ગાંધીનગર મહાનગર પાલિકાની દબાણ શાખાએ લાલ આંખ કરીને દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરી છે. આજે સવારે સે. ૩ ખાતે ગેરકાયદે અડચણરૂપ ઉભા થયેલા શાકમાર્કેટ પર તવાઈ મચાવવામાં આવી હતી. સવારે દબાણના સપાટા બાદ બપોર પછી ફરી લારી-ગલ્લા સ્થળ પર આવી ગયા હતા. ફરીયાદ મળતા દબાણની ટીમે ફરી સપાટો બોલાવીને ૫૦થી વધુ લારી-ગલ્લા હટાવી ત્રાજવા-બાટ પણ કબ્જે કર્યા હતા. ગાંધીનગરના પાંચ નંબરના માર્ગ પર એલડીઆરપી કોલેજ સામેની ફૂટપાથ ઉપરાંત સે. ૧૬, સે. ૧૧, ઘ-રોડ અને ચ-રોડ પરની ફૂટપાથ પર ગેરકાયદે અડચણરૂપ ઉભા થઈ ગયેલા દબાણકારોને મૌખીક નોટીસ આપવામાં આવી હતી. તેમ છતાં દબાણ ન હટાવનાર દબાણકારો પર તંત્રની તવાઈ આવી હતી. રીઢા દબાણકારોના લારી-ગલ્લાઓ પણ જપ્ત કરવામાં આવ્યા છે. ત્યારે સેક્ટર-૩ ખાતે ગેરકાયદે શાકમાર્કેટમાં અડચણરૂપ દબાણોની મળતી ફરિયાદો આધારે આજે દબાણ અધિકારી મહેશ મોડ તથા તેમની ટીમે સવારે ૫૦થી વધુ લારી-ગલ્લા હટાવ્યા હતા. બપોર પછી ફરી દબાણકારો આવી જતા સાંજે પુનઃ સપાટો બોલાવવામાં આવ્યો હતો અને લારીઓમાંથી ત્રાજવા અને બાટ જપ્ત કરી લેવામાં આવ્યા હતા.

વૃધ્ધાશ્રમના વડીલો સાથે જેસીઆઈનો વેલેન્ટાઈન ડે

વડીલોનું કંકુ-તિલકથી અભિવાદન કરી તેમની સાથે કેક કાપી ઉજવણી કરી

ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં વેલેન્ટાઈન ડે ની ઉજવણી દરેકે પોતાની અલગ અલગ રીતે કરી હતી. આ ઉજવણીમાં માત્ર યુવા પ્રેમીજનો જ નહી પરંતુ મિત્રો, સંબંધીઓ તથા શહેરની કેટલીક સેવાભાવી સંસ્થાઓ દ્વારા પણ કરવામાં આવી હતી.

ગાંધીનગરની જેસીઆઈ સંસ્થાએ અનોખો ચિલો ચાતરતા વેલેન્ટાઈન ડે ની ઉજવણી વૃધ્ધાશ્રમના વડીલો સાથે કરી તેમના ચહેરા પર સ્મિત ફરકાવ્યુ હતુ. આ પ્રસંગે તેમણે વડીલો સાથે કેક કાપી તેમનું મ્હોં મીઠું કરાવ્યું હતુ તથા વડીલોનું કંકુ તિલકથી અભિવાદન કર્યું હતું.

જેસીઆઈની યુવા ટીમે વેલેન્ટાઈન ડેના દિવસે સેક્ટર-૬ના ક્રિશ્ના વૃધ્ધાશ્રમ ખાતે ઉજવણીનું આયોજન કર્યું હતું. આ પ્રસંગે તેમણે વડીલો સાથે કેક કટીંગ કર્યું હતું. તથા વડીલોને નાસ્તો કરાવ્યો હતો. જેસીઆઈની ટીમે વૃધ્ધાશ્રમના તમામ વડીલોને કંકુતિલક કરી અભિવાદન કરવા સાથે તેમના આશિર્વાદ લીધા હતા. આ કાર્યક્રમમાં જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી, પ્રોજેક્ટ ચેરમેન દિશા દેસાઈ, વાઈસ પ્રેસિડેન્ટ પદમસિંહ ચૌહાણ, પૂર્વ પ્રમુખ કેતન ભાવસાર, ઉપરાંત ફાલ્ગુની ભાવસાર, ચેતના થાનકી, સ્મિતા પટેલ, કૃણાલ સોંદરવા, કાજલ વૈષ્ણવ, વિનેશ ચૌહાણ વગેરે સભ્યો ઉપસ્થિત રહ્યાં હતા. જેસીઆઈ સભ્યોએ વડીલો સાથે બેસી તેમની કથની સાંભળી હતી તથા કેટલીક બાબતોમાં તેમનું માર્ગદર્શન મેળવ્યું હતું.

જેસીઆઈના મિડિયા કો. ઓર્ડિનેટર સંકેત ગોરે જણાવ્યું હતું કે કાર્યક્રમના અંતમાં મંત્રી દિસા દેસાઈએ ક્રિષ્ના વૃધ્ધાશ્રમના સંચાલકનો તથા સંસ્થાના સભ્યોનો આભાર માન્યો હતો.

@ગાંધીનગર

- સૅક્ટર-૩ ડીમાં સાંઈબાબા મંદિર પાસે સ્થિત રામજી મંદિરમાં શ્રીમદ્ ભાગવત કથા બપોરે ૨થી ૫ કલાક દરમિયાન યોજાશે.

રામ સેવા ટ્રસ્ટ દ્વારા સે.૩ ખાતે ભાગવત સપ્તાહ

ગાંધીનગર, તા. ૧૬

રામસેવા ટ્રસ્ટ સેક્ટર-૩-ડી આયોજીત ભાગવત સપ્તાહનું આયોજન કરેલ છે. વ્યાસપીઠે પ્રવિણભાઈ પંડ્યાના મુખેથી કથાનું રસપાન કરાવશે. બપોરે ૨ થી ૫ સુધી તા. ૧૫થી ૨૧મી ફેબ્રુઆરી સુધી ભાગવત સપ્તાહ ચાલશે. ભક્તોને લ્હાવો લેવા જણાવવામાં આવેલ છે.

મા મેલડી આનંદ ગરબા મંડળના શ્રીમતી મધુબેન કે. કડીકરના સુરમધુર કંઠે આનંદનો ગરબો તા. ૧૭મી ફેબ્રુઆરી બપોરે ૧૨ વાગે યોજાશે. તેમ પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

ધોળાકૂવા રક્ષા સર્કલ પાસે શ્રમજીવીઓને મીઠાઈનું વિતરણ

ગાંધીનગર, તા. ૧૬

ધોળાકૂવા રક્ષા શક્તિ સર્કલ પાસે ટેન્ટ એસ.ટી.પી. વર્ગના શ્રમજીવી બાળકોને શ્રીમતી મીનાબેન વાલજીભાઈ ચૌધરી પ્લોટ નં. ૧૫૫૪/૨ સેક્ટર-૨-સીના સુપુત્રી શેફાલી ચિરાગકુમાર ચૌધરીના લગ્નપ્રસંગે શ્રમજીવી બાળકોને મીઠાઈ વિતરણ કરાઈ હતી. બાલમિત્ર શ્રીમતી પ્રફુલ્લાબેન ભાવસારે નવદંપતીને આશીર્વાદ પાઠવ્યા હતા.

વાતવાતમાં

- નવા સચિવાલય પાસે ચ રોડ પર અગાઉ બે વાર સૂચના આપવા છતાં એક ફૂટની લારીના વેપારીએ દબાણ કરતાં દબાણ તંત્રની ટીમ તેને હટાવવા પહોંચી હતી, જેના કારણે તેણે પોતાનું ફૂટ રસ્તા પર ફેંકી દેવાનું ચાલુ કરી મોટા અવાજે ત્રાગાં કરવાનું ચાલુ કર્યું હતું. જોકે માત્ર ૧૫ મિનીટ પછી એ વેપારીએ દબાણ અધિકારી પાસે પહોંચીને માફી માગી હતી અને કાર્યવાહી ન કરવા વિનવણી કરી હતી.
- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા બુધવારથી ગુજરાતી ફિલ્મ સુપરસ્ટારના શોનું આયોજન સંસ્થાના સભ્યો માટે કરવામાં આવ્યું છે. નવકાર ઇવેન્ટ્સ દ્વારા નિર્મિત આ ફિલ્મ એક સંપૂર્ણ પારિવારીક ફિલ્મ તરીકે દર્શકોમાં પસંદગી પામી રહી છે. ફિલ્મમાં હીરો તરીકે નવોદિત કલાકાર ધૃવિન શાહ અને હિરોઇન તરીકે ટીવી સ્ટાર રશ્મિ દેસાઈ ભૂમિકા ભજવી રહ્યાં છે. ફિલ્મનાં ગીતો ફિલ્મની રિલીઝ પહેલાંથી જ યુવાવર્ગમાં ખાસ્સી પ્રસિદ્ધિ પામ્યાં છે.

સે. ૮ ત્ર્યંબકેશ્વર મહાદેવ ખાતે મહાશિવરાત્રી પર્વનું આયોજન

લઘુરૂદ્રાત્મક યજ્ઞ, મહાદેવજીની શોભાયાત્રા, મહાઆરતી તથા છપ્પનભોગનું આયોજન

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરના સે. ૮માં ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતે તા. ૨૪મી ફેબ્રુઆરીએ આગામી મહા શિવરાત્રી પર્વની ધામધૂમથી ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞ અને છપ્પનભોગનું આયોજન કરવામાં આવ્યું છે.

મહાશિવરાત્રી પર્વ નિમિત્તે સેક્ટર-૮માં આયોજિત હોમાત્મક લઘુરૂદ્ર યજ્ઞનો પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે થશે. આ અગાઉ સવારે ૯ કલાકે મહાદેવજીની શોભાયાત્રા નીકળશે. જે સેક્ટર-૮ના આંતરિક માર્ગો પર ફરી નગરજનોને દર્શન આપી બપોરે ૧ કલાકે પરત ફરશે. યજ્ઞની પૂર્ણાહૂતિ સાંજે ૫ કલાકે થશે. ત્યારબાદ મહાઆરતી કરી છપ્પન ભોગ ધરાવાશે.

બપોરે ૧૨.૩૦ કલાકે ફળાહાર ભોજન પ્રસાદ યોજાશે તથા સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું વિતરણ કરાશે. આ ઉપરાંત રાત્રે ૯ કલાકથી ચાર પ્રહરની પૂજાનો પ્રારંભ કરાશે.

ખેલાડીઓ પોતાની નૈસર્ગિક રમત ઉપર ધ્યાન આપે

ગાંધીનગર, તા. ૧૬

'કોઈ પણ રમત હોય તેના ફેડરેશનમાં એવા માણસો બેઠેલા હોય છે જેને તે રમત સાથે સ્નાન સૂચકનો પણ સંબંધ હોતો નથી. આપણા દેશમાં રમતના સંચાલનમાં બેસી ગયેલા રાજકારણીઓ તેમની ખુરશી છોડતા નથી જેના કારણે આપણે આંતરરાષ્ટ્રીય સ્તરે ઉચ્ચકક્ષાનું પ્રદર્શન કરી શકતા નથી, સૌથી પહેલા આ રાજકારણીઓને ત્યાંથી હટાવવાની જરૂર છે' આ બળાપો કાઢ્યો હતો ભારતના પ્રસિદ્ધ પૂર્વ એથ્લેટ શ્રીરામસીંઘ શેખાવતે જેઓ ગાંધીનગરની મુલાકાતે પધાર્યા હતા. નેશનલ ચેમ્પિયનશીપથી માંડીને એશિયન ગેમ્સ, એશીયન ચેમ્પિયનશીપ તથા ઓલિમ્પિકમાં પણ પોતાના યશસ્વી પ્રદાનથી દુનિયાભરમાં ભારતનું નામ રોશન કરનાર દોડવીર શ્રીરામ સીંઘે ગાંધીનગર સમાચાર સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું હતું કે 'શાળામાં સ્પોર્ટસને એક ફરજિયાત વિષય બનાવવો જોઈએ' જો આપણે ઓલિમ્પિકમાં વધુ મેડલ્સ જીતવા હશે તો બાળપણથી જ ખેલાડીઓની પ્રતિભા ઓળખવી પડશે અને મા-બાપથી લઈને સ્કૂલ તથા ફેડરેશન કક્ષાએ હકારાત્મક અભિગમ અપનાવવો પડશે. શાળાકીય ખેલાડીઓને મેડીકલ ફિઝિયોથેરેપી તથા સાયક્લોજીકલ સવલતો પૂરી પાડવી પડશે. સ્પોર્ટસ કલ્ચર વિકસાવવા ગ્રામીણ વિસ્તારમાંથી વધુ પ્રતિભાઓ શોધવાની તાતી જરૂર છે. તેમણે ક્રિકેટનું ઉદાહરણ આપતા જણાવ્યું હતું કે જ્યાં સુધી ખેલાડીની પસંદગી માટે ખેલાડીઓ જ નહી બેસે ત્યાં સુધી મેડલ્સની આશા વ્યર્થ છે. આ બદલાવ અત્યારથી જ લાવવો પડશે. રમતગમત ક્ષેત્રે હવે સારી નોકરીની તકો તથા ઉજ્જવળ ભવિષ્યની આશા બંધી છે તેવુ જણાવતા શ્રીરામ સીંગે કહ્યું હતુ કે આજના યુવા ખેલાડીઓ હરિફાઈ કરવામાં ડ્રગ્સનો સહારો લઈ ડોપીંગનો શિકાર બની રહ્યાં છે તે સ્થિતિથી બચવાની જરૂર છે. તેમણે યુવા ખેલાડીઓને પોતાની નૈસર્ગિક રમત પર જ ધ્યાન આપવાની સલાહ આપી હતી. આ સાથે તેમણે ગાંધીનગર ખાતે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના તાલીમ કેન્દ્રની પ્રસંશા કરતા કહ્યું હતું કે અહીં ટ્રેકથી માંડીને અન્ય તમામ સવલતો ખૂબ જ સારી કક્ષાની છે. તેમણે કહ્યુ હતુ કે આજે ૬૮ વર્ષની ઉંમરે પણ તેઓ રોજના ૪ થી ૫ કિમી રનીંગ નિયમિત કરે છે.

શ્રીરામ સીંઘ એશિયન મેડાલિસ્ટ દોડવીર હતા

શ્રીરામસીંઘ શેખાવત મધ્યપ્રદેશના બડનગરમાં ૧૯૪૮માં જન્મ્યા હતા અને ભારત માટે તેઓએ ૮૦૦ મીટર દોડમાં એશિયન ગેમ્સમાં કુલ ૪ ગોલ્ડ અને ૨ સિલ્વર જીતવા સાથે અનેક આંતરરાષ્ટ્રીય કક્ષાએ મેડલ્સ જીત્યા હતા. વર્ષ ૧૯૬૯થી ૧૯૮૦ સુધી સતત નેશનલ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ સાથે એકચક્રીય સાશન કરનાર શ્રીરામસીંઘ આર્મીની રાજપૂતાના રાયફલ્સમાં ૧૯૬૮માં જોડાયા હતા. ઓલમ્પિકમાં પણ તેમનો દેખાવ નોંધપાત્ર રહ્યો હતો.

મહાશિવરાત્રીની તૈયારીઓ પૂરજોશમાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં મહાશિવરાત્રી પર્વને ભારે ધામધૂમ ને ભક્તિભાવથી ઉજવવા માટેની તૈયારીઓ પૂરજોશમાં આરંભ થઈ ગયો છે.

અન્ય ધાર્મિક પર્વોની માફક મહાશિવરાત્રીનું પણ ગાંધીનગર માટે વિશેષ મહત્ત્વ છે અને અહીંનાં મંદિરો, ધાર્મિક સંસ્થાઓ દ્વારા બહુ મોટા પાયે આ પર્વની ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. શહેરના ખ્યાત પંચદેવ મંદિર ખાતે તો મહાશિવરાત્રી નિમિત્તે મેળો ભરાય છે, જેમાં ન માત્ર ગાંધીનગર શહેર પરંતુ સમગ્ર જિલ્લામાંથી આવતા ભાવિકો ભાગ લે છે.

શહેરનાં મંદિરો ઉપરાંત બ્રહ્માકુમારીઝ દ્વારા પણ મહાશિવરાત્રીની ઉજવણી અનન્ય રીતે ઉજવવાની તૈયારીઓ આરંભાઈ ચૂકી છે. ઉલ્લેખનીય છે કે મહાશિવરાત્રી આગામી તા. ૨૪ ફેબ્રુઆરીના રોજ છે.

ખોરજ કેનાલમાં યુવાનની છલાંગ

બે દિવસથી કેનાલમાં શોધખોળ કરવા છતાં યુવાનની ભાળ મળી નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરના એક યુવાને ખોરજ નર્મદા કેનાલમાં ગઈકાલે સવારે છલાંગ લગાવી લીધી હતી. ફાયરબ્રિગેડની ગાંધીનગર-અમદાવાદની ટીમોએ ગઈકાલથી કેનાલમાં શોધખોળ આદરી છે તેમ છતાં આજે મોડી સાંજ સુધી કેનાલમાં છલાંગ લગાવનાર યુવાનની ભાળ મળી ન હતી. અડાલજ પોલીસ પણ સ્થળ પર સોધખોળ કામગીરીમાં જોતરાયેલી હતી.

મળતી માહિતી મુજબ ગાંધીનગર શહેરના સે. ૨૮ ખાતે રહેતા એક યુવાને ગઈકાલે અડાલજ નજીક ખોરજ નર્મદા કેનાલમાં છલાંગ લગાવી દીધી હતી. રાહદારીઓનું ધ્યાન જતાં તાત્કાલિક પોલીસ અને ફાયરબ્રિગેડને જાણ કરી બોલાવી લેવામાં આવી હતી અને કેનાલમાં પડતુ મુકનાર યુવાનને બચાવવા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. જો કે પ્રયત્નો નિષ્ફળ ગયા હતા. ગઈકાલથી ગાંધીનગર અને અમદાવાદ ફાયરબ્રિગેડની ટીમો દ્વારા ખોરજ કેનાલના પાણીમાં યુવાનની શોધખોળ ચાલી રહી છે. જો કે આજે સાંજ સુધી પણ યુવાનના સગડ મળ્યા ન હતા.

ચિરવિદાય

- રાજેન્દ્રકુમાર ઠાકોરલાલ બ્રહ્મભટ્ટ (૬૨ વર્ષ)
- પશીબેન નારણભાઈ પ્રજાપતિ (૮૫ વર્ષ)
- પુરુષોત્તમભાઈ અંબાલાલ ગજ્જર (૪૦ વર્ષ)